શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂ. ૧/-

એપ્રિલ ૨૦૦૬

## પુરુષાર્થ

એક યુવાન ઈજનેર હતો. એક સુંદર યુવતીનાં પ્રેમમાં હતો. યુવતી તેને મળી નહીં. હૃદય હતાશાથી ભરાઈ ગયું. એક ક્ષણ તો લાગ્યું કે હવે જીવી શકાશે નહીં. બીજી ક્ષણે થયું કે મારી અંદર જે એક કૌશલ છે, કલા છે, શક્તિ છે તેને બતાવતો જાઉં. યુવાન ઈજનેરે આપઘાતનો વિચાર માંડી વાળ્યો ને પોતાના જીવનદીપને વધુ ઝળહળતો બનાવવાનું નક્કી કર્યું. એણે એક અશક્ય લાગતું કામ હાથમાં લીધું. તેણે સુએઝની નહેર બનાવી. એ ફ્રેન્ચ ઈજનેરનું નામ હતું – લેસેટસ. ઈજનેરની પ્રેયસી રાજકુમારને પરણી હતી તેણે જ્યારે નહેર જોઈ ત્યારે તેને પોતાનાં પ્રેમીના હૈયાનો કાંઈક તાગ મળ્યો. એક વિરાટ પુરુષાર્થનું રૂપ લઈને અહીં સાક્ષાત પ્રેમ પુરુષ ઊભો હતો. પ્રેયસીનું મસ્તક નમી પડયું.

*- સંકલન - 'સો વાતની એક વાત જિંદગી'માંથી*

*- ભૂપત વડોદરિયા*

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૯ | ૧ | ૧૪-૪-૨૦૦૬ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪૯૯૧૬ • ૨૪૪૪૯૯૨૯

☯

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

☯

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# પ્રેમ અટલે

***- તંત્રી સ્થાનેથી***

આકાશ વ્યવસાયે એક એન્જિનિયર છે. તેનો ધીર-ગંભીર સ્વભાવ અને ગમે તેવા સંજોગોમાં પણ અડગ રહેવાની શક્તિ મને ખુબ જ ગમતી. કદાચ, એજ કારણથી હું તેના પ્રત્યે આકર્ષાઈ હતી. તેનાં હુંફાળા સહવાસમાં અનહદ આનંદ મળતો. તેની હાજરી જાણે મારામાં કોઈ અકળ શક્તિનો સંચાર કરી દેતી.

કોલેજ કાળમાં મારી એટલે કે મુક્તાની અને આકાશની દોસ્તીની સૌને ઈર્ષ્યા થતી, લગભગ ત્રણ ચાર વર્ષ દોસ્તી માણ્યા પછી, અમે પણ લગ્ન ગાંઠમાં બંધાવાનું નક્કી કર્યું. મુક્તા-આકાશ એક થઈ ગયાં. લગ્ન પછીનો મુગ્ધ કાળ તો જોતજોતામાં વહી ગયો.

આજે પરિણયનો લગભગ બે વર્ષનો ગાળો વીત્યો છે અને સામાન્ય રીતે બને છે. તેમજ...મને હવે આ સંબંધની ઘરેડનો કંટાળો આવવા માંડ્યો છે. આકાશનાં જે ગુણો મને ગમતાં હતાં, તેનો જ હવે મને કંટાળો આવતો હતો. એનું ખૂબજ પ્રેક્ટિકલ હોવું, ધીર-ગંભીર હોવું, એની અડગતા, એની કામ પ્રત્યેની નિષ્ઠા-આ બધુંજ હવે મને એકધારું - મોનોટોનસ (Monotonus) લાગે છે. એના સ્વભાવની સ્થિરતાથી જીંદગી પોતે જ જાણે સ્થિર લાગે છે.

હું મુક્તા, એક મુક્ત પંખી, મન ભરીને જીંદગી જીવવાની નેમવાળી એક સંવેદનશીલ સ્ત્રી સંબંધોમાંથી અને સંવેદનોમાંથી હરહંમેશા ૧૫૦ ટકાની અપેક્ષા રાખતી. આજે લગ્ન પહેલાંની એ મુગ્ધ ક્ષણો ફરી ફરી માણવા બહાવરી થઈ ગઈ છું, કોઈ નાનું બાળક ચોકલેટ ઝંખે એમ હું એ પળો

ઝંખી રહી છું. અને આકાશ! ઓહ, કેટલો બોરીંગ. બસ... કોઈ લાગણીનો પુરો પ્રતિસાદ જ નહીં. એજ ધીર-ગંભીર, પ્રેક્ટિકલ એપ્રોચ, એજ મોનોટોની અને એકધારા પણું. લગ્ન પહેલાં અને શરૂઆતનાં વર્ષોની રોમાન્સની મુગ્ધ પળો જાણે ખોવાઈ જ ગઈ. મને સમજાતું નથી, આમ કેમ? મારો અમારાં લગ્ન સંબંધ પરથી વિશ્વાસ જ ઉઠી ગયો છે. કદાચ, આકાશ મને પ્રેમ કરે છે, એ વાત માનવાય મારું મન તૈયાર નથી.

કેટલાય દિવસો ઘુંટાયા પછી એક દિવસ મેં આકાશને મારો નિર્ણય જણાવી જ દીધો, ''આકાશ! મારે છુટા થવું છે I Want Divorce!'' એક હળવા આઘાત સાથે આકાશે પુછ્યું, ''કેમ?'' મેં સંભળાવી દીધું, ''બસ હું થાકી ગઈ છું. કંટાળી ગઈ છું. દુનિયાનાં દરેક કેમ' નો જવાબ મારી પાસે નથી.'' અને હું બેડરૂમમાં ચાલી ગઈ.

આકાશ ગુમસુમ દિવાનખાનામાં સોફા પર જ પડી રહ્યો. ઉંડા વિચારોમાં ખોવાયેલો હતો કે પછી... ઉંઘતો હતો. પણ આકાશ બેડરૂમમાં ના આવ્યો અને મારી હતાશા આકાશને આંબી ગઈ. આ તે કેવો માણસ છે? ના તો એ પોતાની સંવેદનાઓ, લાગણીઓ દર્શાવે છે કે ના તો એ મને સમજાવી શકે છે એ મને સમજી શક્યો જ નથી. આવાં માણસ પાસેથી શું અપેક્ષા રાખી શકાય?

કલાકેક પછી, અંતે એજ સ્થિતપ્રજ્ઞ ચહેરો લઈ તે મારી પાસે આવ્યો અને કોઈપણ લાગણીવેડા વગર મને પુછ્યું, ''મુક્તા! તારો આ નિર્ણય બદલવા હું શું કરી શકું?''

કો'કે સાચું જ કહ્યું છે, માણસનો પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય, વ્યક્તિત્વ બદલવું કે બદલાવું અઘરું જ છે. કેવા ઠંડે કલેજે એ મને પુછી શકે છે. લાગણીભર્યા શબ્દોથી પ્રેમપુર્વક મને સમજાવશે એવી મારી અપેક્ષાઓ થીજી જ ગઈ. હું એના પ્રત્યે સાવ લાગણી શુન્ય બની ગઈ અને તેની આંખોમાં તાકીમેં એને પરખાવ્યું. ''તને યાદ છે આકાશ, લગ્ન પછી ઉટી હનીમુન માણવા ગયાં હતાં. ત્યાં ટેકરીની ધાર પર એક સુંદર ફુલ હતું. મેં મજાકમાં જ તને એ ફુલ ચુંટી લાવવા કહ્યું, અને તું કોઈ રિએક્શન આપે તે પહેલાં, પળનાય વિલંબ વગર મેં તને રોકી દીધો હતો. એ ફુલ ચુંટવા જવું એટલે મોતને નિમંત્રણ. હું, મારી જાન! તને ખોવા માટે તૈયાર ન હતી. આજે, હું તને પાછો એ સવાલ કરું છું, તું પેલું ફુલ, એવી જ કોઈ વિકટ ટેકરી પર પરથી ચુંટીને લાવી શકીશ? એ ફુલ દઈ મારો ખોવાયેલો પ્રેમ પાછો આપી શકીશ? તો કદાચ, હું મારો નિર્ણય બદલી શકું!''

''આનો જવાબ હું તને કાલે સવારે આપીશ.'' આટલું કહીએ પાછો દિવાનખાના તરફ વળ્યો. મારી અપેક્ષાઓ મને પીઠ દેખાડી રહી હતી.

સવારે આંખ ખુલી ત્યારે મને ઘર જાણે ખાલીખમ હોય તેવું લાગ્યું અને સાચે જ, આકાશ ઘરમાં ન હતો. વિચારોના આંદોલન વચ્ચે, ચા બનાવી, ડાઈનીંગ ટેબલ પર જઈ બેઠી. ડાઈનીંગ ટેબલનાં કાચ નીચે આકાશે કોઈ પત્ર મુક્યો હતો. હતાશા સાથે મેં પત્ર વાંચવાની શરૂઆત કરી. ''ડાર્લિંગ, હું તારા માટે એ ફુલ નહીં ચુંટી લાવી શકું. પણ, હું તને સમજાવવા માંગુ છું કે શા માટે?'' પત્રની શરૂઆત મારાં ભાંગેલા હૃદય પર એક વધુ કારમો ઘા કરી ગઈ. કમને હું આગળ વધી, મુક્તા તને યાદ છે. શાક સમારતા તારી આંગળી કપાઈ જાય ત્યારે તું કેવી કણસે છે અને આંસુઓનાં ધોધ વહેવડાવી દે છે. ત્યારે મારે જ તને સંભાળવી પડે છે.

મારી આજ આંગળીઓથી હું તારાં આસું લુછી, ઘાને 'ડેટોલ'થી સાફ કરી બેન્ડએઈડ લગાડી આપુ છું. બસ આજ કારણથી હું મારી આંગળીઓ બચાવવા માંગુ છું, જેથી ભવિષ્યમાં પણ તારાં આંસુ લુછી, તારું દુઃખ હળવું કરી શકું.

મુકતા, તું સાવ ભુલકણી છે. ચાવી ઘરમાં જ ભુલી જઈ, બહાર નીકળી જાય છે. પછી તો મોબાઈલ પરથી 'આકાશ જલ્દી આવ' નો હુકમ. બંદા દોડતાં આવીને તારે માટે ઘરનો દરવાજો ખોલી આપે. આ બધું કરવા મારે હાથ-પગ તો સાબુત રાખવાં પડેને. તારા માટે જ.

આખી બપોર ટી.વી. પર સિરીયલો જોઈ, આંખો દુખવાની ફરિયાદ કરે છે, ત્યારે eye drop નાંખ્યા પછી બળતી આંખો બંધ થઈ જાય ત્યારે થોડીવાર માટે મારી આંખે જ તો તું દુનિયા જુએ છે. તો એ આંખોને તો મારે સંભાળવી જ રહી.

જીંદગીની આવી ઘણી નાની નાની બાબતો છે. જેમાં હું તારો પુરક બની શકું. મુક્તા! બસ એ જ કારણોથી હું મારો જાન જોખમમાં મુકવા નથી માંગતો. એકમેકના સહવાસમાં, એકમેકની હુંફમાં, સંસાર માંડવાનો છે. પાછલી ઉંમરે એકમેકનો સથવારો સાધવાનો છે.

તો, મુક્તા! જયાં સુધી મને ખાતરી ન થાય કે મારાં કરતાંય વધુ પ્રેમ કોઈ તને કરી શકશે. ત્યાં સુધી પેલું ફુલ ચુંટવાની મારી તૈયારી નથી.

છેલ્લા ત્રણેક વર્ષની બીનાઓ મારી સ્મૃતિમાં તાજી થવા લાગી. આકાશ મારા જીવનમાં ચારે બાજુ ફેલાયેલો લાગ્યો. નાની નાની બાબતો માટે પણ હું, આકાશનાં જ સહારે હતી. આકાશની આ લાગણીઓ મેં અપેક્ષિત ..... ગણી લક્ષ્યાં જ લીધી ન હતી. રોમાંચ અને રોમાન્સની ઉન્માદક અને જીવંત પળો જ હું કાયમ ઈચ્છતી, રોજબરોજનાં સહજીવનની નાની ક્ષણોનો આનંદ જ ભુલી ગઈ હતી. મારી આંખોમાથી આંસુ પત્ર પર ટપકી રહ્યાં હતાં. ધુંધળી આંખો પત્ર પરનાં શબ્દો શોધતી આગળ વધી.

"અને જો ડાર્લિંગ, મારો જવાબ વંચાઈ ગયો હોય અને તને તારો જવાબ મળી ગયો હોય, તારા મનનું સમાધાન થયું હોય તો, મહેરબાની કરી મારે માટે દરવાજો ખોલીશ. હું તારી ગમતી કે ડબરી ચોકલેટ સાથે, રોજની જેમ જ બહાર દરવાજો ખુલવાની પ્રતીક્ષા કરી રહ્યો છું. તારો જ, આકાશ."

મારા મનને કદાચ ઉત્તર મળી ગયો હતો. અધીરાં પગ એની મેળે જ દરવાજો ખોલવા દોડી

ગયાં. આકાશ એવો જ દૃઢ, ધીર ગંભીર, હાથમાં કે ડબરી લઈ વ્યાકુળતાથી દરવાજો ખુલવાની રાહ જોતો ઉભો હતો. મને પ્રતિતી થઈ ગઈ કે, આકાશ ગમે તેવો હોય પણ એના જેટલો પ્રેમ બીજું કોઈ મને ક્યારેય નહીં આપી શકે. મને મારું ફુલ મળી ગયું.

આ જ જીંદગી છે અને આ જ પ્રેમ છે માણસ પ્રેમમાં ઘેરાયેલો હોય છે, પ્રેમમાં જ ઓતપ્રોત હોય છે ત્યારે રોમાંચની અનુભૂતિ એટલી વ્યાપક નથી હોતી. અનાયાસ જ ઘરેડ, એકરૂપતામાં તેને સાચો પ્રેમ નજરે નથી ચઢતો. મુગ્ધાવસ્થાની પળો એ તે ઉંમરની અભિવ્યક્તિ હતી. સહજીવનનાં વર્ષો વીતે તેમ પ્રેમમાં પણ પકવતા આવીજ જાય. રોમાંચની અપેક્ષાઓ કદાચ વધી જાય છે.

પ્રેમનાં ઘણાં સ્વરૂપ સંભવી શકે છે. ધીર-ગંભીર, સાતત્યવાળો પ્રેમ પણ હોઈ શકે. વધુ નિકટતા અને લાંબો સહવાસ પ્રેમને મોનોટોનસ (ઘરેડબંધ) બનાવી શકે છે. ફુલો, બગીચા, દરિયા કિનારાની સાંજ અને મુગ્ધકાળનો પ્રેમ એતો ઉપર છલ્લી લાગણીઓનો ઉલ્લાસ છે. એની ભીતર જાઓ તો જ પ્રેમની સચ્ચાઈ પારખી શકશો. પ્રેમની આ સચ્ચાઈ જ સહજીવન માટે અને જીવન માટેનું મજબુત કારણ છે.

**- ચેતન મોદી**

# હું મારું સરનામું છું

**આ ખોટું સરનામું એટલે આપણી હુંપદથી ફાંટ ફાટ થતી મોટા ભાગની નિરર્થક પ્રવૃત્તિઓ, સત્તાની લાલસા, પ્રસિદ્ધિનો મોહ અને સામાજિક સ્વીકૃતિની ભૂખ.**

ઉત્તમ કક્ષાના અમેરિકન ચિંતક હ્યુ પ્રેથરનું આ ખૂબ પંકાયેલું તથા ચિંતનિકાઓરૂપે જીવનલક્ષી વિચારોને પ્રગટ કરતું અદ્વિતીય પુસ્તક છે. અહીં માણસ પોતે જ પોતાની જાત સાથે ગોઠડી માંડે છે. આ લખાણનાં મૂળિયાં સ્વબોધમાં છે અને એનો વ્યાપ સર્વબોધ સૂધીનો છે.

સ્વયં એનું શીર્ષક ખૂબ સૂચક છે! વીસમી સદીની આખરી ક્ષણોએ અને એકવીસમીના આરંભે આપણે તમામ નામ વિનાના, સરનામા વગરના પરબીડિયા જેવા છીએ. સાચું સરનામું મળતુંનથી. એટલે ખોટા સ્થળે ફરીએ છીએ. આ ખોટું સરનામું એટલે આપણી હુંપદથી ફાંટ ફાટ થતી મોટા ભાગની નિરર્થક પ્રવૃત્તિઓ, સત્તાની લાલસા, પ્રસિદ્ધિનો મોહ અને સામાજિક સ્વીકૃતિની ભૂખ. આપણા બરડ, બટકણા અને લટકતી સલામ જેવા સંબંધો, ઉપરછલ્લી ઝાકઝમાળ, અંદરનો વલોપાત, અતૃપ્તિ અને અધીરાઈના પડછાયાઓનું એક જંગલી ટોળું- બધા જ રઘવાયા થઈને દોડી રહ્યા છે. પલાંઠી વાળીને, શ્વાસ હેઠો મૂકીને, હાશકારો અનુભવીને સ્વસ્થ ચિત્તે બેસવાની કોઈને ફુરસદ નથી અને લાગે છે કે આવી જરૂરિયાત પણ જણાતી નથી. માણસ અંદરથી ઓળવાતો જાય છે એવી પરિસ્થિતિમાં કોઈ આપણી આંધળી ગતિને રોકે છે, આપણને પોતાની પાસે બેસાડે છે, ભ્રમ અને નિરર્થકતા શું છે એ સમજાવે છે અને મૃદુ સ્વરે કહે છે કે તમારું સરનામું ક્યાંય બહાર નથી પણ તમે જ તમારું સરનામું છો. તમે કોઈ ખોટે પાટે ચડી ગયા છો એટલે સ્ટેશન આવતું નથી. આમ આ પુસ્તક આપણને ખુદની તરતપાસ અને તલાશી કરવા પ્રોત્સાહિત કરે છે અને વિચાર કરવા પ્રેરે છે. વાત અહીંથી અટકતી નથી, પણ એ આંગળી પકડીને આપણી ભીતરમાં રહેલ રત્નદ્વીપનાં દર્શન કરાવે છે. આ પુસ્તકની મહત્તા એ છે કે આપણા આંતરવૈભવનું રમ્ય દર્શન કરાવે છે અને એ અર્થમાં 'વિભૂતિયોગ' રચી આપે છે.

અહીં જે. કૃષ્ણમૂર્તિના તત્ત્વજ્ઞાનના સંસ્કારો પણ અછડતા જોઈ શકાય છે. આમ તત્ત્વજ્ઞાનનો મૂળભૂત અભ્યાસ એ માનવસ્વભાવની વિલક્ષણતા અને વિચિત્રતાનું નિરીક્ષણ આ પુસ્તકને અનોખું બનાવે છે.

ઈમેજ પબ્લિકેશને ભાઈશ્રી રમેશ પુરોહિત દ્વારા એને આપણી માતૃભાષામાં એવા જ ઉઠાવ અને ભાષા-વૈભવ સાથે પ્રગટ કરી ગુર્જર પ્રજા પર મોટો ઉપકાર કર્યો છે. મૂળના પોતને જાળવી, ખૂબ કાળજીપૂર્વક અને કાવ્યાત્મક રીતે તેમના ચિંતનને અભિવ્યક્ત કરવાનું સાહસ ખેડ્યું છે જે દાદ માગી લે છે.

હ્યુ પ્રેથરે કેવા સંજોગોમાં આ પુસ્તક પ્રગટ કર્યું એનો રોમાંચક ઈતિહાસ પણ સાચે રસપ્રદ છે.

સન ૧૯૬૮ માં શિક્ષિકા તરીકેની આવકમાંથી ઘર ચલાવવાની જવાબદારી પત્ની ગૅલના શિરે સોંપી પોતે પૂરો સમય લખવા-વાંચવા તરફ ગાળવાનું નક્કી કરે છે, પણ કમનસીબી જુઓ કે બે વર્ષ સુધી તેણે જે કંઈ સાહિત્યસર્જન કર્યું એનો કોઈ પ્રકાશકે સ્વીકાર ન કર્યો. લેખક ખૂબ નારાજ થાય છે. એવામાં કોઈ મિત્રની સલાહથી અને અંતરપ્રેરણાથી પોતાની રોજનીશીમાંના જાતને સંબોધતા એવા કેટલાક વિચારોને પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવાનું તે વિચારે છે. માણસના ભાગ્યચક્ર રૂપે ત્યારે કેવો મોટો ચમત્કાર સર્જાય છે તે હવે પછીની ઘટનાથી સ્પષ્ટ થાય છે. મોટા પ્રકાશકોનો ભૂતકાળમાં થયેલો કડવો અનુભવ લક્ષ્યમાં લઈ તે આની હસ્તપ્રત તરતમાં બહાર

પડેલી એક નવી પ્રકાશક સંસ્થાની પાસે લઈ જાય છે.

કૅલિફૉર્નિયામાં રહેતા એક દંપતીએ પ્રકાશનનું આ સાહસ ખેડ્યું હતું. ત્યાં સુધીમાં તેમણે માત્ર ત્રણ જ પુસ્તકો બહાર પાડ્યાં હતાં. એની કોઈ જાહેરખબર કે સેલ્સમૅન દ્વારા એનો પ્રચાર કરવાની કોઈ ગુંજાયશ પણ આ દંપતીની પ્રકાશન સંસ્થા પાસે નહોતી. આવી અણજાણ અને નવીસવી પ્રકાશન સંસ્થા હ્યુ પ્રેથરના કહેવાથી એને છાપવાનું સાહસ આદરે છે અને કુદરતની કરામત જુઓ કે માત્ર ત્રણ વર્ષના ગાળામાં જ આ પુસ્તકે 'ઉત્તમ સેલર'તરીકે પોતાનું ગજું કાઢ્યું. તેની લોકચાહનાએ પછી અનેક ભાષાઓમાં તે વિવિધરૂપે પ્રગટ થવા માંડ્યું. તેની કેસેટો પણ બહાર પડવા માંડી. આજે ત્રીસ વર્ષ બાદ પણ એની પ્રતિભા 'બેસ્ટ સેલર' તરીકે અણનમ રહી છે.

આમાંથી પ્રેરણા લઈ હ્યુ પ્રેથરે પત્ની ગૅલના સહકાર સાથે બીજાં અનેક ચિંતનાત્મક અને આત્મલક્ષી પુસ્તકો બહાર પાડ્યાં, તેમની રોજનીશીએ પણ પછી નવી કેડીઓ કંડારવા માંડી.

I Touch The Earth, The Earth Touches Me, Notes to Love & Courage - આ ત્રિપદાં પ્રકાશનો તે પછી બહાર આવ્યાં. તે સાથે આ દંપતીએ ઘરઆંગણે પેદા થયેલી સમસ્યાઓના ઉકેલ માટે સલાહ કેન્દ્ર ઊભું કર્યું, જેમાં અનાથ બાળકો, દારૂડિયા લોકો તથા સુધારણા ઈચ્છતી સ્ત્રીઓને માર્ગદર્શન મળવા લાગ્યું. આગળ જતાં 'ચર્ચ'ની સ્થાપના કરી.How to Live in the World', Still the Happy' થી માંડીને અંતે 'Notes to Eachother' સુધીની સાહિત્યયાત્રા તેમણે કરી. આજે પણ બે બાળકો સાથે તે આનંદથી જીવન વિતાવે છે.

આ પુસ્તકમાંથી કેટલાક સુવિચારો અહીં રજૂ કરી તેની મહત્તાનો આપણે પરિચય કરીએ.

૧.'માણસ કાં તો ભૂતકાળને વાગોળે છે અથવા ભવિષ્યમાં આળોટે છે. હું આ થઈશ કે તે થઈશ એવાં વાંઝિયાં સપનાં વલોવે છે ત્યારે પોતે પોતાની વર્તમાનની ક્ષણને કાયમ માટે ગુમાવી દે છે. આંખ છે છતાંયે આંધળો છે. આસપાસની લીલાશ જોવાને બદલે ભવિષ્યની બૂરાશને જોયા કરે છે. નજીકનાને અવગણે છે અને પારકાંને પોતીકાં કરવાના મનોરથ સેવે છે.'

૨.'મૃત્યુ વિશે થોડીક સભાનતા રાખીએ તો જીવનને કદાચ વધુ ઉત્કટપણે જાણીમાણી શકાય. મૃત્યુનો સમજણપૂર્વકનો સ્વીકાર એ મૃત્યુના ભયથી દૂર લઈ જનારો હોય છે. મોતના ભયથી ફફડતા રહેવું એના કરતાં નિર્ભય થઈને જીવવામાં જે આનંદ અને ઉલ્લાસ છે એ જ અનન્ય છે. મૃત્યુની નિયતિની સ્વીકૃતિ એ જો મનુષ્યની પ્રકૃતિ થાય તો એ જીવનના રસને ભરપૂર માણી શકે. હકીકતમાં મરણના ભયમાં આપણે ગાવાનું, નાચવાનું અને આનંદવાનું ભૂલી ગયા.'

૩.'જીવનમાં જો કોઈ પણ અનુભવ કરવાનો હોય તો તે મુક્તિનો છે. મુક્તિનો અનુભવ કરવો હોય તો માણસ મનથી મુક્ત અને ઈચ્છાઓથી વિમુક્ત હોવો જોઈએ. ગ્રંથિથી બંધાયેલી વ્યક્તિ કુંઠિત હોય છે. જીવનમાં મોકળાશનો અનુભવ કરવો હોય તો સંકુચિત ન થવું જોઈએ. વહેતા ઝરણાને કે વાયરાને ક્યાં કોઈ સંકોચ કે સંકુચિતતા હોય છે ? પક્ષી ક્યાં દિશા કે ડાળી નક્કી કરીને ઊંડે છે ? આ જ થવું જોઈએ અને આમ જ થવું જોઈએ, એમાં સુસંગતિ હશે પણ મુક્ત સ્વત્વ નહિ હોય.'

૪.'ગણતરીના છળમાં સપડાયેલા આપણે કોરાક્ટ રહીને શ્રાવણને ચૂકી જઈએ પછી બાકી રહે છે કાદવ. વસંત જતી રહે છે અને પાનખરથી પનારો પડે છે. આખા આકાશને ફળિયામાં પાથરીને બેસી રહેવું અને ઉંબરાની વચ્ચે પંખીના ટહુકાનું મળવું એ પણ દિવસનું જમા પાસું છે. હકીકતોથી બંધાયેલા આપણે ફૂલની ફોરમના રહસ્યને કે તારામંડિત આકાશના સૌન્દર્યને ગુમાવી બેઠા છીએ. આથી કવિ મકરંદભાઈ દવેએ ગાયું છે.

***સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત,***
***દોઢિયા માટે દોડતાં, એમાં જીવતાં જોને પ્રેત !***
***ઉપરવાળી બૅન્ક બેઠી છે, આપણી માલંમાલ...***
***નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ !***

ડામરની કાળી સડક પર વાહનની ગતિએ દોડતા માણસને આ ધૂળિયા મારગ પર કેટલી સુવર્ણ રજકણો છે એનો અંદાજ કયાંથી હોઈ શકે?

૫.'ઉદાસી અને કંટાળાનો સરવાળો નહિ પણ બાદબાકી કરતાં રહેવું જોઈએ, કારણ કે કંટાળો ભીતરમાં હોય છે, મનની અંદર હોય છે. કંટાળો અને અસંતોષ બહારના નથી પણ આપણા પોતાના છે. જે આપણું છે એનો સ્વીકાર કરવો રહ્યો. આ કંટાળામાંથી જે માણસ કેડી કંડારે છે તે પોતાની પ્રવૃત્તિનું સુકાન બદલે છે.'

૬.'મનને ખીલે બાંધવાની વાત કરવી સહેલી છે, પણ મન આપણને બાંધીને પોતે છૂટી જતું હોય છે. મનની ખાતાવહી તપાસવી જરૂરી છે, કારણ કે

***કદી મનની ખાતાવહી ના તપાસી***
***ખપી જીંદગી એક દેવાળિયામાં'***

૭.'આપણી સ્પર્ધા કે દોડ ખુદની સાથે હોવી જોઈએ, બીજા સાથે નહિ. જે માણસ પોતાની સાથે સ્પર્ધામાં ઊતર્યો છે એ જ માણસ વધે-વર્ધમાન થાય છે. બીજા જોડે લડે એ વીર હોય છે, પણ જે પોતાની સાથે યુદ્ધ માંડે છે અને પોતાને જીતે છે એ મહાવીર છે.'

૮.'જે માણસ આ ક્ષણને રોળી નાખે છે તેને કદી શાશ્વતીનો સ્પર્શ થતો નથી. પોતાની સાથે તાલમાં રહેવું એટલે પોતાની શક્તિને પિછાનવી. સત્ય કહો કે ઈશ્વર કહો એ છે તો આજે છે અને અબઘડીએ છે.'

૯.'હું છું અને મારે થવું છે એની વચ્ચે એક મોટી ખાઈ છે. આ ખાઈ ઉપર આપણે આપણી ઈચ્છાઓના, ઝંખનાઓના કે સપનાંઓના સેતુ બાંધીએ છીએ. કોઈ પણ પુલ પરથી પસાર થવાનું હોય છે, કારણ કે એ નદી ઓળંગવા માટે હોય છે, પણ આ પુલ પર ઘર બનાવી ન શકાય. કોઈ પણ માણસની મથામણનું કેન્દ્ર કંઈક થવામાં રહેલું હોય છે. અભાવમાં રાચવાનો માણસનો સ્વભાવ થઈ ગયો હોય છે.'

૧૦. 'માણસ માત્ર ભૂલને પાત્ર' એવી કહેવત બોલતી વખતે આપણે પોતાને બાદ કરીએ છીએ. ટાગોરે ક્હ્યું છે કે ભૂલોના પર્વતમાંથી પણ સત્યનું ઝરણું વહે છે. ભૂલનો એકરાર એના પશ્ચાત્તાપમાં છે એટલે કલાપી કહે છે, 'હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.' ભૂલનો માત્ર એકરાર કરવો એ પૂરતું નથી, એમાંથી બોધપાઠ લઈ બીજી વાર એનું પુવરાવર્તન ન થાય એ માટે સજાગ રહેવું જરૂરી છે. આપણો અહંકાર આપણા આત્મા ઉપર આવરણ ન બને અને આપણે સત્યનો સ્વીકાર કરતા થઈએ તો જ ભગવાન જેવા થવાય.

રત્નકણિકાઓનો આમ અંત નથી. આખું પુસ્તક એનાથી છલોછલ ભર્યું છે. તમને એમાં રસ પડે તો જરૂરથી તે વસાવો અને એકાંતની શાંત પળોમાં એનું ચ્યવન કરો. તમને મારા તરફથી આ ખુલ્લું ઈજન છે. તમે જરૂરથી તમારા સરનામાને પામી શકશો.

***રજૂકર્તાઃ ભગેશ કડકિયાઃ(૭૩૨)૪૨૨-૬૭૧૨ ન્યુ જર્સી***

***મૂળ લેખકઃ હ્યુ પ્રેથર***

***અર્થઘટન અને આસ્વાદક : રમેશ પુરોહિત***

## શૈક્ષણિક પારિતોષિકો-શાળા, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓ માર્ચ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને પારિતોષીકો આપવામાં આવે છે. જેમાં K.G., ધોરણ ૧ થી ૯, S.S.C., H.S.C., B.Com., B.A., B.D.S., C.A., L.L.B., Eng., M.B.B.S. વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે. તો દરેક પરીક્ષામાં સારા માર્ક સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાની માર્કશીટની Xerox Copy સાથે સંસ્થામાં પોતાના નામ આપી જવા. ઈનામ વિતરણ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

# યુગ યુગાન્તરના શ્રીરામ, શ્રીકૃષ્ણ ભગવાન ભગવાન આજના યુગના, પરમ પૂજનીય પિતામહ શ્રી ગાંધીબાપુ

*''તુને કૈસી યે લગની લગાઈ,*
*તુને કૈસી યે નહેરા જગાઈ,*
*જાદુ ભરી બંસી તુને બજાઈ,*
*સુધબુધ મોરી બિસરાઈ...''*

વરસોના વરસ વીત્યાં, કંઈ દિવસો અને રાત વીત્યાં, કઈ યુગો....અને...... આજે ય આપણી સમક્ષ કનૈયો હસતો રમતો, ઠિઠાઈ કરતો જ નજરે આવે છે. આપણા જ ઘરની વ્યક્તિ ગમે એટલી વ્હાલસોઈ હોય એ પણ મૃત્યુ બાદ થોડા જ સમયમાં વિસરાતી જતી હોય છે. જયારે યુગો વીત્યાં પછી ય કનૈયો આજેય આપણા હૃદયમાં એવો વસી રહ્યો છે. આ પણ કેવી મોહીની!! આ કેવું અચરજ!! મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ ભગવાન પછી યુગ પુરુષ પરમાત્મા શ્રી કૃષ્ણ ભગવાન યુગ વીત્યાં તોય ભારતના હર ઘરમાં, હર દિલમાં વસી રહ્યાં છે. ઈવન કંઈક મુસલમાનો પણ તેમને માણે છે. તેમાંના શ્રી કબીરજી, શ્રી રસીદબાનજી અને તેઓના ભક્તિ રસ સભર કવનોમાં પણ શ્રી કૃષ્ણાજી રમતાં રહ્યાં છે. આ તો વર્ષો વીત્યાં પરંતુ આપણા આજના પ્યારા પિતામહ ''પ્યારા બાપુ'' ને તો આજેય આપણે માણી, જાણી શકીએ છીએ. કેમ ભૂલાય એ ઈશ્વરીય અવતારી પુરુષને...!!

સુકલકડી કાયા, ઢીંચણથી ય લાંબા હાથ, ગોળ હસતો ચહેરો, દિવસના ૨૪ કલાકમાં ૪ કલાકની નીંદર લેતા, અને બાકીના કલાકો અવિરત કામમાં વ્યસ્ત રહેતા એ પણ વતનના કામમાં જેમને દેશને સત્ય, અહિંસાનો મંત્ર આપ્યો, કોઈ જમણા ગાલે મારે તો ડાબો ગાલ ધરી દે તેવા, જેમને દેશના લોકોને પૂરતાં કપડાં ન મળે પહેરવા, તેથી પોતે પણ ટૂંકી પોતડી અને ખેસ અપનાવ્યો, હરિજનોનો ઉધ્ધાર કર્યો, કોઢી અને રક્તપિતીયાં ની સેવા કરી, દેશની પ્રજાને સ્વાશ્રયી બનાવવા રેટિંયો આપ્યો સ્ત્રીઓના શોષણ સામે વિરોધ ઉઠાવ્યો. સ્ત્રી પુરુષના સમાન અધિકારને અડગ નિશ્ચયી બાપુએ ફળિભૂત કર્યા. દર સોમવારના મૌન ધારણ કરતાં, પોતાનું કામ પોતેજ કરવાના આગ્રહી તેમણે તેમના પત્ની શ્રીકસ્તુરબાજીને પાયખાના ધોવાની ફરજ પાડી હતી. ધર્મ પરાયણ બાપુએ એક કવિની કવિતાને જીવનમાં સાર્થકતા આપી હતી.

*''મંદિર તારું વિશ્વ રુપાળું,*
*સુંદર સર્જનહારા રે....*
*નહી પૂજારી નહી કોઈ દેવા,*
*નહી મંદિરને તાળા રે....*
*મંદિરમાં તું ક્યાંય છૂપાયો,*
*શોધે શોધનહારા રે....''*

તેઓ નિયમીત સવાર સાંજ નિશ્ચિત સમયે વૃક્ષ નીચેના ચોતરે બેસી ''રઘુ પતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ'' ની ધૂન જગાવતા પૂરી ત્રીસ મિનિટ અને તે પણ સવાર સાંજ, તેઓ મંદિરમાં ન જતા પંચ મહાભૂતમાં જ પ્રભુ પરમેશ્વર રહેલો છે એની મહત્તાવધારી, પ્રભુજી મંદિરમાં નહી, પણ સૂરજદેવ, પવનદેવ, ધરતીમાતા, અન્નદેવ, અને જલધિદેવ માંજ વસે છે. હર કોઈ જીવંત સૃષ્ટિમાં ચરાચરમાં વીચરે છે. ઝાડ, પાન, ફૂલ, ફળ, પશુ, પંખી, જીવજંતુમાં વસે છે. પ્રભુ માણસ માત્રમાં વસેલો છે, ''વિભુ તું સૌમાં વસેલો છે. તમારા પોતાનામાં જ પ્રભુ વસેલો છે તેને

તો ''દેખનહારા દેખરે'' તેને શોધવા મંદિરે જવાની જરૂરત રહેતી જ નથી. આંખમાં, શ્રવણમાં, જીવ્હામાં, હ્રદયમાં, હાથમાં, પત્રમાં, મસ્તીકમાં, હરમાં, હરિ વસેલો જ છે. મંદિરમાં ઉભા ઉભા બે મિનિટ હાથ જોડી પ્રભુના શણગારને નીરખી બહાર નિકળવાનું, તમારી પાસે અડધો કલાક નિયમીતપણે સવાર સાંજ પ્રાર્થના કરવાનો સમય છે ખરો ? એ તમારા મનને જ પૂછી જોજો ? ગાંધી બાપુનું હ્રદય એક બાળકં જેવું નિર્મળ, અને એકાગ્ર હતું. તેમને આપેલો સત્ય, અહિંસાનો મંત્ર જીવનમાં આચરી બતાવ્યો છે. પોતાની માતા શ્રી પૂતળીબાને આપેલા વચનોનું નિશ્ચયી રૂપે પાલન કર્યું, દારૂ નહી પીઉં, માંસ નહી ખાઉં, અને પર સ્ત્રીને માતા ગણીશ અને હર હંમેશ સાચું જ બોલીશ, પોતાના વતનને સ્વરાજ અપાવાની ધગશમાં તેઓ કંઈક વાર જેલમાં ગયા, ''સ્વરાજ'' શું ચીજ છે તે ભારતવાસીઓને સમજાવ્યું, તેમની સ્વરાજ માટેની ટહેલને ભારતના હર ઘર, હર ખૂણેથી, લોકો ઉમટી આવ્યા, તે જુવાળ તો જેણે નજરે જોયો છે એજ સમજી શકે ? એક ગુજરાતી, નામ મોહનદાસ કરમચંદ ગાંધીએ સત્ય અને અહીંસાના એક હથિયાર માત્રથી ગોરાઓને હકાલ્યા, દેશને ખાતર ૭૫ દિવસના ઉપવાસ તેમણે કંઈક વાર કર્યા છે. તમે એક કલાક પણ ભૂખ્યા નહી રહી શકો. કોઈના માટે, કોઈનું ઘરમાં મરણ થાય. બાળીને આવે, લોકો વિખરાય નાહી લે એટલે કોળિયો ભરાવા આવે એટલે ખાઈ લે. બાપ ખાધા વિના કોઈનું ચાલતું નથી કરીને ? આવા હઠાગ્રહી બની ઉપવાસો કરનાર, જેલમાં જનાર, તથા પોતડી અપનાવી ટાઢ, તડકો વેઠનાર, સત્ય અહિંસાના હથિયારે આઝાદી અપાવનાર તથા હરિજનોનો ઉધ્ધાર કરનાર, સ્ત્રીઓનું સન્માન કરનાર, એમની એક ટહેલ સામી છાતીએ ગોળી ખાવા, તથા દંડા ખાવા, અને ઝંડાને ઉપાડી લેવા દોડી આવતાં અબાલ વૃધ્ધ, સ્ત્રીઓ, વૃધ્ધાઓ અને સ્વયંસેવિકા બની દોડી આવતી ભારતની નારી વિરાંગનાના રૂપે, આજે પણ પૂજનીય છે. કૉંગ્રેસની અસલ પાર્ટીની સ્થાપના પણ પૂજય બાપૂના હાથે જ થઈ છે. ''વંદે માતરમ્'' અને તિરંગાની શાનના સૂચક પણ પ્યારા બાપુ જ છે. જેલમાં પણ અવિરત ૨૦ કલાક કામ કરતા એક પાણીનું ટીપુ પણ ન વેડફે. એક નાનો પેન્સીલનો ટૂકડો પણ ચલવી લે અને ઘીના દીવામાં ઘી અને રૂ કેટલું વેડફાય છે. આંખા ભારત દેશમાં જયાં ભારતના વતનીઓને પેટભર રોટી અને કપડાં ન મલે ત્યાં, આ વ્યય તેમને મંજૂર ન હતો. પ્રાર્થનાનો સમય તો અચૂક જ સાચવતા જ, નિયમન, નિશ્ચયીપણુ એ એમનો આગ્રહ હતો. પ્યારા લાડીલા બાપુને લોકો ભૂલી રહ્યા છે. અરે એ જ તો ભગવાનની જેમ પૂજાશે. આખીયે દુનિયામાં આવી કોઈ વિરલ વ્યક્તિ હજુ સુધી થઈ નથી અને કદાચિત થશે કે કેમ ? યુગાન્તર પહેલાં જેમ શ્રીરામ, શ્રીકૃષ્ણ અને શ્રી વલ્લભાચાર્યજી પૂજાય છે તેમ આપણા દેશમાં જન્મેલા શ્રી પ્યારા પિતામહ એવા બાપુ આપણા ભારત દેશનું ગૌરવ છે. ગાંધી બાપુ અને દાદાભાઈ નવરોજજી અને એવા બીજા કેટલાંય નેતા મહારથીઓ વિદ્યા મેળવવા અને બેરીસ્ટર થવા લંડન, અમરીકા ગયા હતા પણ ત્યાં સ્થાયી નહોતા થતા. આવીને ભારતના સેવક બનતા હતા. અહીંયા તો જગા નાની, ગંદકી, સાંકડા રસ્તા ઓછા પગાર વગેરે વગેરે બહાના હેઠળ પરદેશમાં સ્થાયી થઈ જાય છે. ભારત દેશની શી સંસ્કૃતી છે એ કદાચિત બહારના લોકો સમજી શકે છે, પરંતુ આપણા લોકોને આપણી માતૃભૂમીની શી વેલ્યુ છે ? કે માતાપિતાની ? વિરાસતમાં મળેલી આઝાદીની આપણે શી વેલ્યુ કરીએ છીએ ? દેશની રખવાલી કરતાં

દેશના જવાનોની આપણે શી કદર કરીએ છીએ? જવાનો સામી છાતીએ ગોળીઓ, ખાઈનેય દેશનું રક્ષણ કરે છે. કાચી કળીઓ જેવા જુવાનો શહીદને વરે છે.

અરે સૈનિક દિનને દિવસે શહીદોનાં અને જવાનોના ફેમીલીના ઉધ્ધાર માટે ફંડ ઉઘરાવીને મોકલીએ તો દેશની આઝાદીના પાયા રૂપ શહીદીને વરેલા એવા સૈનિકોને આપણે સાચી સલામી આપી નવાજી શકીએ, એમનું માન એ દેશનું માન, પ્યારા પિતામહ એવા લાડીલા બાપુનું માન કર્યું કહેવા શે. બાપુએ તો ઈશ્વરીય અંશ છે. એમ કહીએ તો ઓછું લાગશે. સાક્ષાત ઈશ્વર જ થઈ ગયા છે. એમને તો આપણાં નરસિંહ મહેતાનું ભજન..

*''વૈશ્ણવ જન તો તેને કહીએ....'*
*કુળ એકોતેર તાર્યા છે...'*

તેમના જીવનમાં વણી લીધું. સાચાં વૈશ્નવ બનીને જીવી ગયા એવા પ્યારા પિતામહને એમની ગત મહિનોમાં ગયેલી પૂણ્યતિથીએ મારા શતશત કોટિ પ્રણામ.

બસ તો પ્રભુને અભ્યર્થના કે આવો પ્યારથી મળીને મનાવીએ ગાંધી બાપુની ગત પુણ્યતીથી ને શપથ લઈએ કે દેશના સૈનિકો માટે કંઈક કરવાનો આગ્રહ કેળવીએ.


# જ્યોતિપુંજ (માસિક)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર (સેન્ટ્રલ રૂલ્સ) અન્વયે ''જયોતિપુંજ'' પત્ર અંગેની માહિતી ફોર્મ નં.૪ (જુઓ રૂલ્સ નં. ૮)

| | |
|---|---|
| **૧. પ્રકાશનું નામ** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, ૧૧૮/૧૨૦, અરદેશર દાદીસ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪ |
| **૨. પ્રકાશકની સામાયિકતા** | : માસિક |
| **૩. મુદ્રક અને પ્રકાશકનું નામ** | : નિખિલ બી. પરીખ |
| **રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **૪. તંત્રીનું નામ** | : નિખિલ બી. પરીખ |
| **૫. જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય કુલ થાપણા એક ટકાથી વધારે થાપણના નામ તથા સરનામા** | : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪ |

હું નિખિલ બી. પરીખ આથી જાહેર કરું છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

**મુંબઈ** **(સહી) નિખિલ બી. પરીખ**
**તા.૧૪.૩.૨૦૦૬** **પ્રકાશક : જયાતિપુંજ**



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

માનવીની લાક્ષણિકતા રહી છે કે સામાન્ય રીતે તે વર્તમાનમાં જીવી શકતો નથી. અને પોતાનું ભવિષ્ય જાણવા હમેંશા ઉત્સુક હોય છે. આનો લાભ ક્યારેક લે ભાગુ જયોતિષો પણ ઉઠાવતા હોય છે. પરંતુ આપણે સૌ તો ભણેલાં ગણેલાં છીએ. આપણી તો વાત જ જુદી છે. આજના સમયમાં જુદી જુદી પધ્ધતિઓ દ્વારા ભવિષ્યની આગાહીઓ કરી શકાય છે. જેવી કે જન્માક્ષર, હસ્તરેખા, આંકડાઓ વગેરે વગેરે.. આપણા જાન્યુઆરી માસના 'સેનેટ' હોલમાં રાખવામાં આવેલા કાર્યક્રમમાં મનીષાબહેન અંકશાસ્ત્ર પર આધારિત પધ્ધતિ દ્વારા માનવીના ભવિષ્યની આગાહી વિશે વિસ્તારથી માહીતી આપી હતી. આપણી બહેનોએ આ કાર્યક્રમ ખૂબજ રસપૂર્વક માણ્યો હતો અને પ્રશ્નોના સંતોષકારક જવાબો પણ મેળવ્યા હતા. કોઈપણ કારણસર હાજર ન રહી શકનાર બહેનોએ જયારે કાર્યક્રમની લોકપ્રિયતા જાણી ત્યારે ગેર હાજર રહેવા બદલ અફસોસ વ્યક્ત કર્યો હતો. આજ કાર્યક્રમની લોકપ્રિયતાની સાબીતી છે. અંતમાં ચા-કોફી તેમજ નાસ્તાનો આનંદ લીધા બાદ સૌ વિખરાયા હતા.

આવોજ એક સુંદર અને લોકપ્રિય કાર્યક્રમ ૧ લી માર્ચ ૨૦૦૬ ના રોજ સેવાસદન ખાતે હાઉસીના રૂપે રાખવામાં આવ્યો હતો. પ્રોફેશનલ રમાડનાર આવ્યા હોવાને કારણે બહેનોને રમતમાં ખૂબજ આનંદ આવ્યો હતો. મોટી સંખ્યામાં હાજર બહેનોમાંથી પંચાવન બહેનો ઈનામને પાત્ર ઠર્યા હતા. આ નિમિત્તે સંસ્થા તરફથી હાજર બહેનોને એક પ્લાસ્ટીકનો મોટો, ડબ્બો તેમજ ફ્લૅટપેન ભેટ તરીકે આપવામાં આવ્યા હતા. તદ્ઉપરાંત દરેક બહેનને હાઉસી રમતની છ ટીકીટો પણ આપવામાં આવી હતી. એકંદરે કાર્યક્રમ ખૂબજ સફળ રહ્યો. સમય પાણીના વહેણની માફક પસાર થતો હોય છે. પરંતુ ખરેખર જોવા જઈએ તો સમય પસાર થતો જ નથી, આપણે જ પસાર થઈ જતા હોઈએ છીએ. જોતજોતામાં મહિલા મંડળના સંયોજક તરીકેનું મારું એક વર્ષ પુરુ થયું તે દરમિયાન WIAA થી સેવાસદનના કાર્યક્રમોની યાત્રા આપણે પુરી કરી. ન્યાયાધીશ તમે બધા હોવાને કારણે, કાર્યક્રમયાત્રા સફળ કે સામાન્ય રહી તેનો નિર્ણય તમારા બધા પર છોડી આગામી કાર્યક્રમ વિશેની માહિતી આપવા માગું છું. નવા વર્ષનો સૌ પ્રથમ કાર્યક્રમ શુક્રવાર તા.૨૧.૪.૦૬ ના રોજ બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન પ્રેમપુરી આશ્રમ, બાબુલનાથ ખાતે રાખવામાં આવ્યો છે. પ્રેમપુરી આશ્રમમાં જ 'આવકાશ' સંસ્થાનું સફળતાથી સંચાલન કરનાર ગીતાબહેન શાહ સૌને આધુનિક સમયમાં ''નારીની વ્યાખ્યા'' વિષય પર સમજણ આપશે તેમજ આપ સૌના, પ્રશ્નોનું નિરાકરણ કરવાનો પ્રયત્ન પણ કરશે તો સૌ બહેનોને હાજર રહેવા આમારી વિનંતી છે. આ અંગેના પાસ રૂ૨૦/- આપી કોઈપણ કમીટી બહેનો પાસેથી અથવા સંસ્થાની ઓફિસમાંથી સોમવાર તા.૧૭.૪.૦૬ ના રોજ બપોરે ૩ થી ૫ કલાક દરમિયાનમાં મેળવી લેવા અગર નીના કડકીયાનો સંપર્ક સાધવો.

૨૦૦૬-૦૭ નું લવાજમ રૂા.૧૦૦/- જેમ બને તેમ જલદી ભરવા વિનંતી છે જે કમીટી બહેનો દ્વારા સ્વીકારવામાં આવશે. અગર તો તા.૧૭.૪.૦૬ ના રોજ સંસ્થાની ઓફિસમાં પણ જમા કરાવી શકાશે. લવાજમ ભરવાની છેલ્લી તા.૩૦.૪.૦૬ રાખવામાં આવી છે.

***સંયોજકઃ નીના કડકીયા - ૨૩૬૭૩૪૨૦***

## વાડાસિનોરના વર્તમાન...

- નગરના જૂના પોષ્ટ ઑફિસ વિસ્તારમાં નગરપાલિકા દ્વારા અપાતા પીવાના પાણીમાં ગટરનું પાણી મિક્સ થતાં આ વિસ્તારની પ્રજાના સ્વાસ્થ્ય માટે ખતરો ઊભો થવાની ફરિયાદ ઊઠી છે. નગરપાલિકા પાસે વારંવારની રજૂઆત છતાં ફરિયાદનો સંતોષકારક નીવેડો આવ્યો નથી! આ વિસ્તારના પ્રજાજનોએ મામલતદાર તથા કલેક્ટરને લેખિતમાં જાણકરી કરી છે.
- ગોલવાડ શેરીમાં આવેલ મદનમોહજીના મંદિરનું નવનિર્માણ કરવામાં આવનાર છે. આ માટે હાલના મંદિરના બાજુનું મકાન તથા તેની પાછળના વાડાની જમીન ખરીદી લેવામાં આવી છે. મંદિરના નવનિર્માણ દરમિયાન મદન મોહનજી સ્વરૂપને કેવલ દેસાઈની ખડકીમાં રાજેશભાઈ શાંતિલાલ કડકીઆના નિવાસસ્થાને પધરાવવા માટે નીકળેલી શોભાયાત્રામાં મનોરથી સ્વ. બાબુલાલ ઓચ્છવલાલ કડકીઆ (લટકારી) ના પરિવાર સહિત વૈષ્ણવો મોટી સંખ્યામાં જોડાયા હતા. (સંદેશઃ ૧૮.૩.૦૬ માંથી ટુંકાવીને)
- મહોરમપર્વ નિમિત્તે ૨૭૬ તાજિયાના જુલૂસ નીકળ્યા હતા. જેમાં છ મોટા અને ૨૭૦ નાના તાજિયા હતા.
- નગરના સોસાયટી વિસ્તારમાં તથા અન્ય કેટલાક સ્થળે પ્રતિદિન વધતી જતી ગંદકીથી પ્રજાજનો ત્રાહિમામ્ પોકારી ગયા છે. આ ગંદકી દૂર કરવા પ્રજાજનોની ઉગ્ર માગણી ઉદ્‌ભવી છે.
- ગુમાસ્તા ધારાનો ભંગ કરવા બદલ, સોમવારે રજાના દિવસે દુકાનો ખુલ્લી રાખનાર, ૧૮ વેપારીને રૂા. ૫૦૧ લેખે રૂા.૯૦૦૧ નો દંડ કરવામાં આવ્યો છે.
- ભગવાન વિશ્વકર્મા જયંતીની ઉજવણી ભારે ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.
- શહેરમાં ત્રણ દિવસની કૈવલજ્ઞાન દિવ્ય સત્સંગ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે નીકળેલી શોભાયાત્રામાં સંપ્રદાયના અનેક અનુયાયીઓ જોડાયા હતા.
- કે. એમ.જી. જનરલ હૉસ્પિટલમાં દાતાઓનો સન્માન સમારંભ યોજાઈ ગયો. દાન આપનાર દાતાઓ મોદી એન્ડ મોદી ચેરીટેબલ ટ્રસ્ટ, કોકિલાબહેન જયંતીલાલ કડકીઆ, વલ્લભઘેલા, સ્વાતિ શરદ કડકીઆ, નર્મદાશંકલ મોતીરામ ઠાકર, નટવરલાલ મગનલાલ કડકીઆ, દેવાંગ રજનીકાન્ત નગરશેઠ, સાવિત્રીબહેન જયંતીલાલ કડકીઆ મરઘા વગેરેનું શાલ ઓઢાડીને તથા મોમટો આપી સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત ખંભાતવાળા શ્રી જગદીશભાઈ શાસ્ત્રીજીએ આશીવર્ચન આપતાં કહ્યું કે બાલાસિનોરવાસીઓ વતનનું ઋણ ભૂલ્યા નથી. વતનનું ઋણ માનવતાનું કાર્ય કરતી સંસ્થાના વિકાસ માટે દાન ચુકવી સંસ્થાને પગભર બનાવી છે. દવાખાનું એવું મંદિર છે. જયાં નાત-જાતના ભેદભાવ વગર સૌની સારવાર થાય છે. આવી મંદિરમાં દાન આપવું એ જ માનવતાની સાચી સેવા છે.
- હૉસ્પિટલના પ્રમુખ શ્રી નવીનચંદ્ર શાહ મેપુરાવાળાએ સૌનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત પ્રમુખ તેમજ મુંબઈથી અને સ્થાનિક નગરવાસીઓ

મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

- બાલાસિનોર નગરપાલિકા દ્વારા પાણીવેરો વધારવા સામે કૉંગ્રેસ દ્વારા હૈદરી ચોકથી રેલી કાઢી નગરપાલિકા દ્વારા પાણીવેરો વધારવા કરવામાં આવેલ ઠરાવ રદ કરવા માટેનું આવેદનપત્ર મામલતદાર કચેરી અને નગરપાલિકા કચેરીએ આપવામાં આવ્યું હતું.
